- વિદ્યાર્થીઓ ઘણો મોટો સમય ગેમ્સમાં વિતાવતા હોવાથી ખૂબ જલ્દી ગુસ્સે થઈ જાય છે, નાની સમસ્યાઓનું પણ નિરાકરણ જલ્દી લાવી શકતા નથી શિક્ષક જો તેમના હિતના કાર્ય કરતો હોય પરંતુ જો વિદ્યાર્થીને યોગ્ય ન લાગે તો સંપૂર્ણ વિરોધ કરી દે છે.



**૩. સંશોધન પરિબળો / સંશોધન માટે પસંદ થયેલ વ્યક્તિઓ :-**

- નારાયણ વિદ્યાલયમાં ભણાવતા ધોરણ ૬ થી ૧૨ માં ભણાવતા શિક્ષક મિત્રો (જમની પાસે Gen Z વિદ્યાર્થીઓ ભણે છે.)
- સંશોધનને વધુ સારું બનાવવા માટે નારાયણ વિદ્યાલયમા ભણતા ધોરણ ૧૧ અને ૧૨ ના અંગ્રેજી અને ગુજરાતી મીડીયમ ના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કર્યો હતો.

**૪. સંશોધન પદ્ધતિઓ :-**

- પ્રશ્નાવલિ, અવલોકન, youtube ના વિડિયોનો અભ્યાસ.

**વ્યક્તિત્વ વ્યક્તિની સાચી ઓળખ છે.**

**❖ માહિતીનું વિશ્લેષણ :**

**૧. ભણાવતી વખતે શિક્ષકોને અનુભવાતી સમસ્યાઓ જેવિદ્યાર્થીઓમાં જોવા મળે છે**

| વિદ્યાર્થીઓમાં જોવા મળતી સમસ્યા | એન્ઝાઈટી | સ્ટ્રેસ | ડિપ્રેશન | ઊંઘ | અન્ય |
|---|---|---|---|---|---|
| ટકા | ૧૦% | ૨૦% | ૧૦% | ૨૫% | ૩૫% |

**૨. શિક્ષકોને કઈ કઈ સમસ્યાઓ વધુ પડકારજનક લાગે છે.**

| શિક્ષકોની સમસ્યાઓ | વિદ્યાર્થીઓનું વલણ | ટેકનોલોજી | પેરેન્ટ્સ અને મેનેજમેન્ટની અપેક્ષા | અભ્યાસક્રમ | અન્ય |
|---|---|---|---|---|---|
| ટકા | ૨૫% | ૨૫% | ૨૦% | ૨૦% | ૧૦% |

**૩. વિદ્યાર્થીઓની પ્રશ્નાવલિ પ્રમાણે વિદ્યાર્થીઓને કઈ સમસ્યા મોટી લાગે છે?**

| વિદ્યાર્થીઓની સમસ્યા | ભણતર | સ્ટ્રેસ | ડિપ્રેશન | ઊંઘ | અન્ય |
|---|---|---|---|---|---|
| ટકા | ૩૦% | ૨૫% | ૨૦% | ૨૦% | ૧૦% |

**વ્યક્તિત્વ વિકાસ જીવનની ચાલતી પ્રક્રિયા છે.**

**❖ પરિણામો :**

1. Gen Z વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોમાં માનસિક દબાણ વધ્યું છે. તાલીમ અને કાઉન્સેલિંગ મદદરૂપ થઈ શકાય છે. શિક્ષકો માટે વિદ્યાર્થીઓના એટીટ્યુડ અને ટેકનોલોજી માં પરિવર્તન પડકાર જનક લાગે છે.
૨. વિદ્યાર્થીઓની પ્રશ્નાવલી થકી ખબર પડી કે તેમની કોમ્યુનિકેશન સ્કીલ પબ્લિક સ્પીકિંગ, રાઈટીગ એબિલિટી ઘણી નબળી છે.

**❖ તારણો :**

૧. ઘણીવાર શિક્ષકો અને વિદ્યાર્થી વચ્ચે કોર્ડીનેશન ન થતા માનસિક સમસ્યા વધતી જાય છે.
૨. શિક્ષણ પદ્ધતિમાં પરિવર્તન જરૂરી છે. જે શિક્ષકો ટેકનોલોજી સાથે ભણાવે છે તેમને ઓછી અગવડ પડે છે.
૩. સકારાત્મક વાતચીતથી તણાવ ઓછો થાય છે.
૪. હાલના વિદ્યાર્થીઓમાં વ્હાઈટ કોલર જોબ મેળવવાની આશા તો કરે છે પરંતુ તેઓ કોઈ બંધનમાં રહેવા માંગતા ન હોવાથી તેઓ ફ્રી લાન્સિંગ દ્વારા પૈસા કમાવાનું ફ્યુચરમાં પસંદ કરશે.

**વાણી, વર્તન અને વ્યવહારથી વ્યક્તિ ઓળખાય છે.**

**❖ ભવિષ્ય સંશોધન માટે સૂચનો :**

૧. શિક્ષકોના માનસિક આરોગ્ય માટે તાલીમ કેમ્પ.
૨. Gen Z માટે અનુકૂળ શિક્ષણ પદ્ધતિ જેમાં સ્માર્ટ બોર્ડ અને સ્માર્ટ કલાસ રૂમ નો ઉપયોગ કરી શકાય.
૩. વર્કશોપ દ્વારા સમજ વધારવી.
૪. શાળા પણ શિક્ષકોની સલાહ , સૂચનો અને વિચારોનો સ્વીકાર કરી મદદરૂપ થઈ શકે છે.
૫. વિદ્યાર્થીઓને આળસથી દૂર રાખવા પ્રયાસ કરવો જેથી તેઓ ડિપ્રેશન અને એન્ઝાઈટી જેવી સમસ્યાઓનો સામનો ન કરે.